## જન્મદિને વધામણી



જગદીશ ઘનશ્યામભાઈ સોની
મો. ૯૪૦૮૭ ૭૭૫૬૬



સોનલબેન જગદીશકુમાર સોની



કર્ણવ દવે
મો. ૯૯૭૮૬ ૧૭૮૯૦



મહિપાલસિંહ ભૂપતસિંહ ચાવડા


# લોકહૃદય સમ્રાટ અટલ બિહારી વાજપેયની જીવનયાત્રા પ્રેરક બનશે

ટૂટે હુએ સપને કી સુને કૌન સિસકી
અંતર કો ચીર વ્યથા પલકોં પર ઠીઠકી
હાર નહીં માનુંગા
રાર નહીં ઠાનૂંગા
કાલ કે કપાલ પર લિખતા-મિટાતા હું
ગીત નયા ગાતા હું....

આ કવિતા દેશના પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીની છે જે નાદુરસ્ત તબિયતના કારણે એઈમ્સમાં સારવાર હેઠળ છે. આખો દેશ તેમની સલામતી માટે પ્રાર્થના કરી રહ્યો છે. જાણકારી મુજબ અટલજી હજુ થોડા દિવસ એઈમ્સમાં રહેશે કારણકે ઈન્ફેક્શન હજુ પણ યથાવત છે. જો કે, જણાવવામાં આવી રહ્યુ છે કે રાતે અને સવારે પણ યુરિન પાસ થયુ છે પરંતુ તે હાલમાં પણ આઈસીયુમાં છે. અટલજી આજે ભલે રાજનીતિના મુખ્ય રંગમંચ પર ન હોય પરંતુ મુખ્ય ધારાના કોઈ પણ નેતાથી વધુ પ્રભાવશાળી વ્યક્તિત્વ વાજપેયીજીનું છે. વાજપેયીજી આજે પણ ભારતીય રાજનીતિના સૌથી મજબૂત હસ્તાક્ષર છે. તેમનો અવાજ ધીમો પડી ગયો છે પરંતુ ભાજપ જ નહિ દેશ માટે પણ તે એક મોટા સિમ્બોલ છે. તો આવો, તમને અટલજીના જીવન સાથે જોડાયેલી દરેક નાની-મોટી વાત જણાવીએ. આ પહેલા વનઈન્ડિયા વાજપેયીજીના સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરે છે.



અટલજીનો જન્મ ૨૫ ડિસેમ્બર, ૧૯૨૪ ના રોજ મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં શિંકે કા બાડા મોહલ્લામાં થયો હતો. તેમના પિતા પંડિત કૃષ્ણ બિહારી વાજપેયી અધ્યાપનનું કાર્ય કરતા હતા અને માતા કૃષ્ણા દેવી ઘરેલુ મહિલા હતી. અટલજી પોતાના માતાપિતાની સાતમી સંતાન હતા. તેમનાથી મોટા ત્રણ ભાઈ અને ત્રણ બહેનો હતી. અટલજીના મોટા ભાઈઓને અવધ બિહારી વાજપેયી, સદા બિહારી વાજપેયી અને પ્રેમ બિહારી વાજપેયી નામથી ઓળખવામાં આવે છે. અટલજી બાળપણથી જ અંતર્મુખી અને પ્રતિભા સંપન્ન હતા. તેમની પ્રારંભિક શિક્ષા વડનગરના ગોરખી વિદ્યાલયમાં થઈ. અહીંથી તેમણે આઠમાં સુધીનું શિક્ષણ મેળવ્યુ. જ્યારે તે પાંચમાં ધોરણમાં હતા ત્યારે તેમણે પ્રથમ વાર ભાષણ આપ્યુ હતુ. પરંતુ વડનગરમાં ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થા ન હોવાના કારણે તેમને ગ્વાલિયર જવુ પડ્યુ.

ગ્વાલિયરમાં વિક્ટોરિયા કોલેજિયટ સ્કૂલમાં તેમણે પ્રવેશ લીધો જ્યાંથી તેમણે ઈન્ટરમીડિએટ સુધીનો અભ્યાસ કર્યો. આ વિદ્યાલયમાં તેમણે ચર્ચા-વિચારણા સ્પર્ધાઓમાં ભાગ લીધો અને પ્રથમ પુરસ્કાર પણ જીત્યા. તેમણે વિક્ટોરિયા કોલેજમાંથી સ્નાતક સ્તરનું શિક્ષણ મેળવ્યુ. કોલેજ જીવનમાં જ તેમણે રાજકીય ગતિવિધિઓમાં ભાગ લેવાનું શરૂ કરી દીધુ હતુ. આરંભમાં તે છાત્ર સંગઠન સાથે જોડાયા. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રમુખ કાર્યકર્તા નારાયણ રાવ તરટેથી તેઓ ખૂબ પ્રભાવિત હતા. તેમણે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શાખા પ્રભારી તરીકે કાર્ય કર્યુ. કોલેજ જીવનમાં તેમણે કવિતાઓ લખવી શરૂ કરી દીધી હતી. તેઓ ૧૯૪૩ માં કોલેજ યુનિયનના સચિવ બન્યા અને ૧૯૪૪ મા ઉપાધ્યક્ષ પણ બન્યા.

ગ્વાલિયરની સ્નાતક ઉપાધિ મેળવ્યા બાદ તે કાનપુર જતા રહ્યા. અહીં તેમણે ડીએવી મહાવિદ્યાલયમાં પ્રવેશ લીધો. તેમણે કલામાં સ્નાતકોત્તર ઉપાધિ પ્રથમ શ્રેણીમાં મેળવી. ત્યારબાદ તે પીએચડી કરવા માટે લખનઉ જતા રહ્યા. અભ્યાસની સાથે સાથે તે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યો પણ કરવા લાગ્યા. પરંતુ તેઓ પીએચડી કરવામાં સફળતા ન મેળવી શક્યા કારણકે પત્રકારત્વ સાથે જોડાવાના કારણે તેમને અભ્યાસ માટે સમય નહોતો મળી શકતો. તે સમયે રાષ્ટ્રધર્મ નામનું સમાચારપત્ર પંડિત દીનદયાળ ઉપાધ્યાયના સંપાદનમાં લખનઉથી છપાતુ હતુ. ત્યારે અટલજી તેના સહસંપાદક તરીકે કામ કરવા લાગ્યા. પંડિત દીનદયાળ ઉપાધ્યાય આ સમાચાર પત્રના સંપાદકીય જાતે લખતા હતા અને બાકીનું કામ અટલજી અને તેમના સહાયકો કરતા હતા. રાષ્ટ્રધર્મ સમાચારપત્રનો પ્રસાર બહુ વધી જતા તેના માટે પોતાની જ પ્રેસની વ્યવસ્થા કરવામાં આવી જેનું નામ ભારત પ્રેસ રાખવામાં આવ્યુ હતુ.

વાજપેયીજીની રાજકીય સફરની શરૂઆત એક સ્વતંત્રતા સેનાની રુપે થઈ. ૧૯૪૨ માં 'ભારત છોડો આંદોલન' માં ભાગ લેવાને કારણે અન્ય નેતાઓ સાથે તેમની પણ ધરપકડ કરવામાં આવી હતી. એ સમયે તેમની મુલાકાત શ્યામા પ્રસાદ મુખર્જી સાથે થઈ જે ભારતીય જનસંઘ એટલે કે બીજેએસના નેતા હતા. તેમના રાજકીય એજન્ડામાં વાજપેયીજીએ સહયોગ કર્યો. સ્વાસ્થ્ય સમસ્યાઓના કારણે શ્યામાપ્રસાદ મુખર્જીનું મૃત્યુ થઈ ગયુ. ત્યારબાદ બીજેએસની કમાન વાજપેયીજીએ સંભાળી અને આ સંગઠનના વિચારો અને એજન્ડાને આગળ વધાર્યા.

વર્ષ ૧૯૫૭ માં પહેલી વાર તેઓ બલરામપુર સીટ પરથી સંસદ સભ્ય ચૂંટાયા. નાની ઉંમર હોવા છતાં વાજપેયીજીના વિસ્તૃત દ્રષ્ટિકોણ અને જાણકારીએ તેમને રાજકારણ જગતમાં સમ્માન અને સ્થાન મેળવવામાં મદદ કરી. ૧૯૭૭ માં જ્યારે મોરારજી દેસાઈની સરકાર બની ત્યારે વાજપેયીજીને વિદેશ મંત્રી બનાવવામાં આવ્યા. બે વર્ષ બાદ તેમણે ચીન સાથેના સંબંધો પર ચર્ચા કરવા માટે ત્યાંની યાત્રા કરી. ભારત પાકિસ્તાનના ૧૯૭૧ ના યુદ્ધના કારણે પ્રભાવિત થયેલા ભારત-પાકિસ્તાનના વ્યાપારી સંબંધો સુધારવા માટે તેમણે પાકિસ્તાનની યાત્રા કરીને નવી પહેલ કરી. જ્યારે જનતા પક્ષે આરએસએસ પર હુમલો કર્યો ત્યારે તેમણે ૧૯૭૯ માં મંત્રી પદેથી રાજીનામુ આપી દીધુ. વર્ષ ૧૯૮૦ માં ભારતીય જનતા પક્ષનો પાયો નાખવાની પહેલ તેમણે તેમજ બીજેએસ અને આરએસએસમાંથી આવેલ લાલકૃષ્ણ અડવાણી અને ભૈરવસિંહ શેખાવત જેવા સાથીઓએ કરી. સ્થાપના બાદ પહેલા પાંચ વર્ષ વાજપેયીજી આ પક્ષના અધ્યક્ષ રહ્યા.

વર્ષ ૧૯૯૬ માં લોકસભા ચૂંટણી બાદ ભાજપને સત્તામાં આવવાનો મોકો મળ્યો અને અટલ બિહારી વાજપેયી પ્રધાનમંત્રી તરીકે ચૂંટાયા. પરંતુ બહુમત સિધ્ધ ન થવાને કારણે સરકાર પડી ભાંગી અને વાજપેયીજીને પ્રધાનમંત્રી પદેથી માત્ર ૧૩ દિવસો બાદ જ રાજીનામુ આપવુ પડ્યુ. વર્ષ ૧૯૯૮ માં ભાજપ ફરીથી એક વાર વિવિધ પક્ષોના સહયોગવાળા ગઠબંધન નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ સાથે સરકાર બનાવવામાં સફળ રહી પરંતુ આ વખતે પણ માત્ર ૧૩ મહિના સુધી સત્તામાં રહી શકી કારણકે ઑલ ઈન્ડિયા દ્રવિડ મુન્નેત્ર કાજગમે પોતાનું સમર્થ સરકારમાંથી પાછુ ખેંચી લીધુ.

વાજપેયીજીના નેતૃત્વવાળી એનડીએ સરકારે મે ૧૯૯૮ માં રાજસ્થાનના પોખરણમાં પરમાણુ પરીક્ષણ કરાવ્યા. ૧૯૯૯ ની લોકસભા ચૂંટણી બાદ નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ) ને સરકાર બનાવવામાં સફળતા મળી અને અટલ બિહારી વાજપેયી ફરીથી એક વાર પ્રધાનમંત્રી બન્યા. આ વખતે સરકારે પોતાના પાંચ વર્ષ પૂર્ણ કર્યા અને આમ કરનારી પહેલી બિન-કોંગ્રેસી સરકાર બની. સહયોગી પક્ષોના મજબૂત સમર્થનથી વાજપેયીજીએ આર્થિક સુધારા માટે ખાનગી ક્ષેત્રના પ્રોત્સાહન હેતુ ઘણી યોજનાઓ શરૂ કરી. તેમણે ઔદ્યોગિક ક્ષેત્રમાં રાજ્યોની દખલઅંદાજી સીમિત કરવાના પ્રયાસ કર્યા. વાજપેયીજીએ વિદેશી રોકાણની દિશામાં અને સૂચના ટેકનોલોજી ક્ષેત્રમાં સંશોધનને પ્રોત્સાહન આપ્યુ. તેમની નવી નીતિઓ અને વિચારોના પરિણામ સ્વરૂપ ભારતીય અર્થવ્યવસ્થાએ ત્વરિત વિકાસ પ્રાપ્ત કર્યો. પાકિસ્તાન અને યુએસએ સાથે મૈત્રીપૂર્ણ સંબંધો સ્થાપીને તેમની સરકારે દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કર્યા. જો કે અટલ બિહારી વાજપેયીજીની વિદેશ નીતિઓ વધુ બદલાવ લાવી શકી નહિ તેમછતાં આ નીતિઓની ઘણી સરાહના કરવામાં આવી.

૧૯ ફેબ્રુઆરી ૧૯૯૯ ના રોજ સદા-એ-સરહદ નામથી દિલ્હીથી લાહોર સુધીની બસ સેવા શરૂ કરવામાં આવી. આ સેવાનું ઉદઘાટન કરતા પ્રથમ યાત્રી રુપે વાજપેયીજીએ પાકિસ્તાનની યાત્રા કરીને નવાઝ શરીફ સાથે મુલાકાત કરી હતી અને એકબીજા સાથેના સંબંધોમાં એક નવી શરૂઆત કરી હતી.

થોડા સમય બાદ પાકિસ્તાનના તત્કાલિન સેના પ્રમુખ પરવેઝ મુશર્રફના વડપણ હેઠળ પાકિસ્તાની સેવા તેમજ ઉગ્રવાદીઓએ કારગિલ ક્ષેત્રમાં ઘુસણખોરી કરીને પહાડી ચોટીઓ પર કબ્જો કરી લીધો. અટલ સરકારે પાકિસ્તાનની સીમાનું ઉલ્લંઘન કરીને આંતરરાષ્ટ્રીય સલાહનું સમ્માન કરીને ધૈર્યપૂર્વક પરંતુ ઠોસ કાર્યવાહી કરીને ભારતીય ક્ષેત્રને મુક્ત કરાવ્યુ. આ યુદ્ધમાં પ્રતિકૂળ પરિસ્થિતિઓના કારણે ભારતીય સેનાને જાનમાલનું ઘણુ નુકશાન થયુ અને પાકિસ્તાન સાથે શરૂ કરાયેલ સંબંધમાં સુધારો ફરીથી એક વાર શૂન્ય થઈ ગયો.

### ઠન ગઇ

મોત સે ઠન ગઈ.
ઝુજને કા મેરા ઈરાદા ન થા,
મોડ પર મિલેંગે ઈસકા વાદા ન થા,
રાસ્તા રોક કર વહ ખડી હો ગઈ,
યૂં લગા જિંદગી સે બડી હો ગઈ.
મૌત કી ઉમર કયા હૈ? દો પલ ભી નહીં,
જિંદગી સિલસિલા, આજ કલ કી નહીં.
મૈં જી ભાર જિયા, મેં મન સે મરું,
લૌટકર આઉંગ, કુચ સે કયોં ડરું?
ચુ દબે પાવ, ચોરી-છિપે સે ન આ,
સામને વાર કર ફિર મુજે આજમા.
મૌત સે બેખબર, જિંદગી કા સફર,
શામ હર સુરમઇ, રાત બંસી કા સ્વર.
બાત એસી નહીં કિ કોઈ ગમ હી નહીં,
દર્દ અપને-પરાએ કુછ કામ ભી નહીં.
પ્યાર ઈતના પરાયોં સે મુઝકો મિલા,
ન અપનોં સે બાકી હૈં કોઇ ગિલા.
હર ચુનૌતી સે દો હાથ મૈંને કિએ,
આંધીઓ મેં જલાએ હૈં બુઝતે દિએ.
આજ ઝકઝોરતા તેજ તુફાન હૈ,
નાવ ભંવરો કી બાંહો મેં મહેમાન હૈ.
પાર પાને કા કાયમ મગર હૌસલા,
દેખ તેવર તુફાં કા, તેવરી તન ગઈ.
મૌત સે ઠન ગઈ.

## વાજપેયી ૧૯૫૧થી સક્રિય

કાલ કે કપાલ પર લિખતા મિટાતા હું દ્વારા તમામને પ્રેરિત કરનાર અટલ અવાજ આજે હંમેશ માટે ખામોશ થઈ જતાં દેશભરમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીનું આજે



બપોર બાદ એમ્સમાં સારવાર દરમિયાન અવસાન થયું હતું. તેઓ ૯૩ વર્ષના હતા. વાજપેયીને યુરિન ઈન્ફેક્શન અને કિડની સંબંધિત તકલીફના કારણે ૧૧મી જૂનના દિવસે એમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા. ડાયાબિટીસની તકલીફ પણ તેમને હતી. વાજપેયી છેલ્લા ઘણા સમયથી એક જ કિડની પર ચાલી રહ્યા હતા. વાજપેયીએ જુદા જુદા હોદ્દાઓ ઉપર સેવા આપી હતી. વાજપેયી કયા કયા હોદ્દા પર રહ્યા તે નીચે મુજબ છે.

- ૧૯૫૧માં ભારતીય જનસંઘના સ્થાપક સભ્ય
- ૧૯૫૭માં બીજી લોકસભા માટે પ્રથમ વખત ચૂંટાયા
- ૧૯૫૭-૭૭માં ભારતીય જનસંઘ સંસદીય પાર્ટીના નેતા બન્યા
- ૧૯૬૨માં રાજ્યસભાના સભ્ય બન્યા હતા
- ૧૯૬૬-૬૭માં સરકારી ઈન્સ્યોરન્સ અંગેની સમિતિમાં ચેરમેન બન્યા હતા
- ૧૯૬૭માં ચોથી લોકસભા માટે બીજી અવધિ માટે ફરી ચૂંટાયા
- ૧૯૬૭-૭૦માં પબ્લિક એકાઉન્ટ કમિટિના ચેરમેન બન્યા હતા
- ૧૯૬૭-૭૩માં ભારતીય જનસંઘના પ્રમુખ તરીકે રહ્યા હતા
- ૧૯૭૧માં પાંચમી લોકસભા માટે ત્રીજી અવધિ માટે ચૂંટાયા હતા
- ૧૯૭૭માં છઠ્ઠી લોકસભામાં ચોથી અવધિ માટે ચૂંટાયા હતા
- ૧૯૭૭-૭૯માં વિદેશ મંત્રી તરીકે સેવા આપી હતી
- ૧૯૭૭-૮૦માં જનતા પાર્ટીના સ્થાપક સભ્ય તરીકે રહ્યા
- ૧૯૮૦માં સાતમી લોકસભામાં પાંચમી વખત લોકસભા માટે ચૂંટાયા
- ૧૯૮૦-૮૬માં ભાજપના પ્રમુખ બન્યા
- ૧૯૮૦-૮૪, ૮૬ અને ૧૯૯૩-૯૬માં ભાજપના સંસદીય પાર્ટીના નેતા રહ્યા
- ૧૯૮૬માં રાજ્યસભાના સભ્ય રહ્યા
- ૧૯૮૮-૯૦માં હાઉસ કમિટિના સભ્ય રહ્યા
- ૧૯૯૧માં ૧૦મી લોકસભામાં છઠ્ઠી વખત ચૂંટાયા
- ૧૯૯૧-૯૩માં પબ્લિક એકાઉન્ટ કમિટિના ચેરમેન રહ્યા
- ૧૯૯૩-૯૬માં લોકસભામાં વિપક્ષના નેતા રહ્યા
- ૧૯૯૬માં ૧૧મી લોકસભામાં સાતમી વખત ચૂંટાયા હતા
- ૧૬મી મે ૧૯૯૬-૩૧મી મે ૧૯૯૬માં ભારતના વડાપ્રધાન રહ્યા
- ૧૯૯૬-૯૭માં લોકસભામાં વિપક્ષના નેતા તરીકે રહ્યા
- ૧૯૯૭-૯૮માં વિદેશી બાબતો અંગેની સમિતિમાં ચેરમેન રહ્યા
- ૧૯૯૮માં ૧૨મી લોકસભામાં આઠમી વખત ચૂંટાયા
- ૧૯૯૮-૯૯માં વડાપ્રધાન રહ્યા અને ઘણા ખાતા પોતાની પાસે રાખ્યા
- ૧૯૯૯માં ૧૩મી લોકસભામાં નવમી વખત ચૂંટાયા
- ૧૩મી ઓક્ટોબર ૧૯૯૯થી ૧૩મી મે ૨૦૦૪ દરમિયાન વડાપ્રધાન રહ્યા
- ૨૦૦૪માં ૧૪મી લોકસભામાં ૧૦મી વખત ચૂંટાયા

## પારસીઓને પતેતી મુબારક પાઠવતા મુખ્યમંત્રી

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પારસીઓના નવા વર્ષ પતેતી પર્વની સમસ્ત પારસી પરિવારોને મુબારક પાઠવી છે.

'પતેતી મુબારક' પાઠવતા સંદેશમાં જણાવ્યું છે કે, સદીઓથી સમાજમાં દૂધમાં સાકરની જેમ ભળી ગયેલી પારસી કોમ સામાજિક સમરસતા, બંધુત્વ અને આપસી પ્રેમનું જવલંત ઉદાહરણ પુરૂં પાડી રહી છે.



## મહાત્મા મંદિરે સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી

૧૫ ઓગષ્ટ ૧૯૪૭ના રોજ આપણા દેશને અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદી મળી હતી તેથી આપણે તેને ઈન્ડીપેન્ડેન્ટ ડે તરીકે ઉજવતા હોઈએ છીએ. આજના આ આઝાદી પર્વને મહાત્મા મંદિરના સ્ટાફે ખુબજ ઉલ્લાસપૂર્વક ફ્લેગ કોસ્ટીંગ કરી સાથે રાષ્ટ્રગાન કરી મનાવ્યો હતો. ધ્વજ ફરકાવવાની જવાબદારી ગુજરાત સરકારના રિટાયર્ડ ચીફ ઈજનેર અને ઓ.એસ.ડી. મહાત્મા મંદિરના ઉરેશ મહેતાને શીરે હતી. ઈન્ડેક્ષ-બીમાંથી અંજલી વ્યાસ (જીએમઆઈટી), કલ્પેશ શેઠ (જી.એમ.), ભરત દેસાઈ લીલા હોટલના તથા અન્ય સ્ટાફે હાજરી આપી હતી.

# માણસા ખાતે સ્વાતંત્ર્યદિનની શાનદાર ઉજવણી

ગાંધીનગર, તા. ૧૬
જિલ્લા કલેકટર એસ.કે. લાંગાએ માણસાની ધરતી પરથી ૭૨મા સ્વાતંત્ર્ય પર્વની શાનદાર



ઉજવણી પ્રસંગે તિરંગો લેહરાવી સલામી આપ્યા બાદ જણાવ્યું હતું કે, ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલે સેંકડો રજવાડાઓને એકત્ર કરીને અખંડ ભારતનું નિર્માણ કર્યું. આજે ગુજરાતના બીજા એક પનોતા પુત્ર અને આપણા લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ના નિર્માણ માટે કમરકસીને ભારતને આંતરરાષ્ટ્રીય ફલક પર વધુ દૈદિપ્યમાન બનાવ્યો છે. અખંડ ભારતના શિલ્પી સરદાર સાહેબની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ગુજરાતમાં નિર્માણ પામશે અને દેશ-દુનિયાને સરદાર સાહેબનો એકતા, અખંડિતતા અને ભાઈચારાનો સંદેશ પ્રસરાવશે. ગ્રામજનો, યુવાનો, મહિલાઓ, વંચિતો અને ખેડૂતો સૌ કોઈનો સમતોલ વિકાસ કરવા આપણા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે સંવેદશીલતા સાથે ખૂબ ત્વરાથી પ્રજાલક્ષી નિર્ણયો લીધા છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત ગૌરવ દિનથી શરૂ કરાવેલા જળ અભિયાનમાં સતત એક માસ સુધી જિલ્લા વહીવટી તંત્ર, સ્વૈચ્છિક સંસ્થાઓ અને જિલ્લાની જનતાએ મહામૂલો પરસેવો પાડી તથા અનેક કલાકોનું શ્રમદાન કરી જિલ્લાના ૧૩૮ તળાવ ઉંડા કરવાના લક્ષ્યાંક સામે ૧૯૯ તળાવો ઉંડા કરવામાં આવ્યા છે. જિલ્લામાં જળ અભિયાનના ૯૦ ટકા કામો લોકભાગીદારીથી થયા છે. જળ સંચયના કુલ- ૨૫૫ કામોના લક્ષ્યાંક સામે ૨૭૯ કામો કરવામાં આવ્યા છે.

## ખોરજના એક ખેતરમાં સંતાડેલો વિદેશી દારૂનો જથ્થો પોલીસે પકડ્યો

**દહેગામ રખિયાલ હાઈવે પરથી શેવરોલેટ કારમાં થતી દારૂની હેરાફેરી પકડાઈ : ફેમિલી બેઠું હોય તેવું લાગે તે માટે એક મહિલા અને એક કિશોર પણ કારમાં બેસાડવામાં આવ્યો હતો**

અડાલજ પોલીસે બાતમીના આધારે ખોરજ ગામની સીમમાં આવેલા એક ખેતરમાં દરોડો પાડીને ખેતરમાં સંતાડી મુકેલો વિદેશી દારૂનો મોટો જથ્થો પકડી પાડયો છે. ખેતરમાં સંતાડેલ ૧૩૨ નંગ વિદેશી દારૂની બોટલનો જથ્થો અડાલજ પોલીસે જપ્ત કરી ખોરજના બુટલેગર ચેતન ઠાકોર ને દબોચી લીધો છે. તો બીજી તરફ દહેગામ રખિયાલ હાઈવે પરથી પોલીસે બાતમીના આધારે શેવરોલેટ ગાડી પકડી પાડી છે જે વિદેશી દારૂની હેરાફેરી કરતી હતી. આ ગાડીમાંથી ૭૬૪ નંગ વિદેશી દારૂની અને બીયરની બોટલો મળી આવી હતી. કારમાં ફેમીલી જતું હોય તેવુ ચિત્ર દેખાડવા અને પોલીસને ગુમરાહ કરવા એક મહિલા અને એક કિશોરને પણ કારમાં બેસાડવામાં આવ્યા હતા અને દારૂની હેરાફેરી કરવામાં આવી રહી હતી. દહેગામ અને રખિયાલ પોલીસે સંયુક્ત ઓપરેશન પાર પાડીને આ હેરાફેરી પણ પકડી પાડી હતી.

### અરવિદા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

**કોઇ ખાસ બિમારીનું નામ નથી પરંતુ એવા લક્ષણોને કહેવામાં આવે છે જ્યારે વ્યક્તિની યાદશક્તિ કમજોર થઇ જાય છે અને પોતાના દરરોજના કામ યોગ્યરીતે કરી શકતા નથી. તેમનામાં શોર્ટટર્મ મેમરી જેવા લક્ષણો પણ જોવા મળે છે. ડિમેન્શિયાના મોટાભાગના કેસોમાં ૬૦થી ૮૦ ટકા કેસ અલમાઇજરના હોય છે. ડિમેન્શિયાથી પીડિત વ્યક્તિના મૂડમાં વારંવાર ફેરફાર થાય છે. તેઓ વહેલીતકે પરેશાન થઇ જાય છે. આ પ્રકારના લોકો મોટાભાગે ઉદાસ રહે છે. વાજપેયીની તબિયતને લઇને છેલ્લા ૨૪ કલાકથી ભારે સસ્પેન્સની સ્થિતિ રાખવામાં આવી હતી. છેલ્લા ૯ સપ્તાહથી એમ્સમાં તેમને સારવાર હેઠળ રાખવામાં આવ્યા હતા. છેલ્લા ૨૪ કલાકથી લાઇફ સપોર્ટ સિસ્ટમ ઉપર હતા. આઈસીયુમાં તબીબોની ટીમ દ્વારા બચાવવાના તમામ પ્રયાસ કરવામાં આવ્યા હતા પરંતુ ૯૩ વર્ષીય વાજપેયીને બચાવી શકાયા ન હતા. ૨૦૦૯માં સ્ટ્રોકનો હુમલો થયા બાદ તેમની વિચારવાની શક્તિ ખતમ થઇ ગઇ હતી. ત્યારબાદ ડિમેન્શિયાથી ગ્રસ્ત થઇ ગયા હતા. જેમ જેમ તેમની તબિયત ખરાબ થતી ગઇ તેમ તેમ તેઓ પોતાને સાર્વજનિક જીવનથી દૂર કરતા ગયા હતા. વાજપેયી ત્રણ વખત વડાપ્રધાન રહ્યા હતા. પહેલી વખત ૧૯૯૬માં વડાપ્રધાન બન્યા હતા જ્યારે તેમની સરકાર ૧૩ દિવસ સુધી ચાલી હતી. ૧૯૯૮માં બીજી વખત વડાપ્રધાન બન્યા હતા જ્યારે તેમની સરકાર ૧૩ મહિના ચાલી હતી. ૧૯૯૯માં વાજપેયી ત્રીજી વખત વડાપ્રધાન બન્યા હતા અને તે વખતે પાંચ વર્ષની અવધિ પૂરી કરી હતી. પાંચ વર્ષની અવધિ પૂર્ણ કરનાર વાજપેયી પ્રથમ બિનકોંગ્રેસી વડાપ્રધાન તરીકે રહ્યા હતા.**

### ઘેરોશોક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વાજપેયી વિમાનમાં જઈને યુવક સાથે વાતચીત કરશે. ભાજપના નેતા તૈયાર થયા ન હતા પરંતુ વાજપેયીએ ડીએમને વિમાન સુધી પહોંચવા માટે કહ્યું હતું. વિમાનની નીચે પહોંચીને આ ચકચારી બાબતથી તમામ લોકો ચોંકી ઉઠ્યા હતા. દરમિયાન આવતીકાલે સવારે નવ વાગે ભાજપ ઓફિસમાં વાજપેયીના પાર્થિવ શરીરને લઈ જવાશે. ૧.૩૦ વાગે અંતિમ યાત્રા શરૂ થશે. સાંજે ૫.૩૦ વાગે તેમના અંતિમ સંસ્કાર કરાશે.

### ન્યુ ઈન્ડિયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરી હતી. આના મારફતે અગાઉની સરકાર પર પ્રહારો કર્યા હતા. તેમની સરકાર સત્તામાં આવશે તો તેમની પ્રાથમિકતા શુ રહેશે તે બાબત પણ મોદીએ રજૂ કરી હતી. મોદીએ ભાષણમાં મોટા ભાગે ગરીબો અને મહિલાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યુ હતુ. રેપની વધતી ઘટનાઓ પર પણ તેમને વાત કરી હતી. આ પ્રકારની ઘટનાને રાક્ષસી મનોવૃતિ તરીકે ગણાવીને આને ખતમ કરવાની લાત કરી હતી. મોદીએકહ્યુ હતુ કે કાયદાનુ શાસન સર્વોચ્ચ છે. મોદીએ પોતાના છેલ્લા ભાષણમાં કહ્યુ હતુ કે કેન્દ્ર સરકારનુ સંપૂર્ણ ધ્યાન વિકાસ પર કેન્દ્રિત છે. મોદીએ વર્ષ ૨૦૨૨ સુધી ન્યુ ઈન્ડિયા બનાવવા માટેની પણ અપીલ કરી હતી.મોદીએ પોતાના ભાષણમાં સર્જિકલ સ્ટ્રાઈકનો ઉલ્લેખ કરતા કહ્યુ હતુ કે દેશની સેનાના સામર્થ્યની દુનિયાએ નોંધ લીધી છે. તેમણે કહ્યુ હતુ કે જળવાયુ પરિવર્તનના કારણે ક્યારેક ક્યારેક કુદરતી સંકટ લાવે છે. વર્ષ ૨૦૨૨માં સ્વતંત્રતાના ૭૫ વર્ષ પૂર્ણ થશે. વર્ષ ૧૯૪૨થી ૧૯૪૭

સુધી દેશના એક સામૂહિક શક્તિનુ પ્રદર્શન થયુ છે. હવે સ્વતંત્રતાના ૭૫ વર્ષ બાદ પોતાની સામૂહિક સંકલ્પશક્તિ, સામૂહિક પ્રતિબદ્ધતા મારફતે દેશને આગળ વધારી દેવા ઈચ્છીએ છીએ. સામૂહિકતાની શક્તિ શુ હોય છે ત બાબત તમામ લોકો જાણે છે. ગરીબ મહિલાઓને મોટા પાયે ગેસ કનેકશન આપવામાં આવ્યા છે. યુવાનોને કોઈ પણ ગેરંટી વગર સ્વરોજગાર માટે લોન આપવામાં આવી રહી છે. મોંઘવારી પર અંકુશ મુકવાની દિશામાં પહેલ થઈ છે. ઘર બનાવવા માટે ઓછા વ્યાજે પૈસા આપવામાં આવી રહ્યા છે. આજે સરકાર જે કહે છે તે કરવા માટે સકલ્પબદ્ધ પણ છે. આજે દુનિયામાં ભારતની પ્રતિષ્ઠા વધી છે. હવાલા કારોબારીઓ અંગે માહિતી મળી રહી છે. મોદીએ ભાષણમાં કહ્યુ હતુ કે નાના નાના શહેરોમાં પણ લોકોને વીજળી, શૌચાલય અને ઘર આપવામાં આવી રહ્યા છે. મોદીએ દાવો કર્યો હતો કે જો શૌચાલય બનાવવા મામલે ૨૦૧૩ની ગતિથી ચાલ્યા હોત તો દશકો લાગી ગયા હોત. વીજળીના મામલે પણ ૨૦૧૩ની ગતિએ ચાલ્યા હોત તો દશકો લાગી ગયા હોત. વર્ષ ૨૦૧૩ની ગતિથી જ ઓપ્ટિકલ ફાઈબર લગાવવાની ગતિથી કામ ચાલ્યુ હોત તો ગામો સુધી પહોંચવામાં સદીઓ લાગી ગઈ હોત. મોદીએ ફરી એકવાર કહ્યુ હતુ કે ભ્રષ્ટાચાર પર અંકુશ મુકવા માટે જુદા જુદા કઠોર પગલા લેવામાં આવ્યા છે. ભ્રષ્ટાચાર અને કાળા નાણાં સામે જંગ જારી રહેશે.

જમ્મુ કાશ્મીરમાં પણ વારંવાર ટાળવામાં આવેલા સ્થાનિક ચૂંટણીને ટુંક સમયમાં જ યોજવામાં આવનાર છે. મોદીએ પોતાના ભાષણમાં ઈમાનદાર ટેક્સ ભરનાર લોકોની પ્રશંસા કરી હતી. સાથે સાથે ખાતરી આપી હતી કે તેમના પૈસા યોગ્ય રીતે ખર્ચ કરવામાં આવી રહ્યા છે. વિકાસમાં ખર્ચ થઈ રહ્યા છે. ઈમાનદાર ટેક્સ ભરનાર લોકોના કારણે ત્રણ ગરીબ લોકોના પેટ ભરાઈ રહ્યા છે.

### રિનોવેશન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી રહી છે. સેકટરોમાં હજુ વિવિધ કક્ષાના મકાનો તોડવા માટે આયોજન કરવામાં આવી રહયુ છે. જયારે હાલ મકાનો તોડવાનુ કામ પણ ચાલી રહયુ છે. જયારે સે-૩૦ માં નવા મકાનો બાંધવાનુ કામ આખરી તબક્કામાં છે. વધુમાં સેકટરોમાં આવાસોના નિકાલ બાદ પડેલી ખાલી જગ્યાનો પણ અભ્યાસ હાથ ધરી નવી ટાવર કોલોની બાંધવા માટે પણ આયોજન કરવામાં આવી રહયુ છે. સેકટરોમાં રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય હોય તેવા મકાનોની સંખ્યા ઓછી છે. જયારે હજુ પણ નવા આવાસો બાંધવા માટે આયોજન કરવામાં આવી રહયુ છે.બીજીતરફ આવાસોના મજબુતીકરણનુ કામ પણ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહયુ છે. સે-૮ માં પણ વિવિધ કક્ષાના સરકારી આવાસોનુ ટુંકમાં મજબુતીકરણ હાથ ધરાશે. તંત્ર દ્વારા સે-૮ માં ઘ, ઘ-૧ તેમજ જી-૧ કક્ષાના સરકારી આવાસોના રીનોવેશન માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. આ કામગીરી પાછળ રૂ ૪.૨૪ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જયારે આ અન્વયે સેકટરમાં સ્થિત વિવિધ કક્ષાના ૧૪૦ જેટલા મકાનોને રીનોવેશન હેઠળ આવરી લેવામાં આવશે.